| **GJSK050030352025** | | |
|---|---|---|
| | આંક– | |
| | કેસ દાખલ તા: | ૧૫/૧૨/૨૦૨૫ |
| | કેસ રજી.તા: | ૧૫/૧૨ /૨૦૨૫ |
| | કેસ ફેસલ તા: | ૧૩/૦૩/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**<u>ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની</u>**

**<u>અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૩૮૨/૨૦૨૫</u>**

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપીઓ :–(૧) દલપતભાઇ ગેમરભાઇ રબારી
રહે.ઉમીયાનગર સોસાયટી,
ઉંડવા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા

(૨) બિજલરામ મહાદેવરામ રબારી
રહે.ધરોઇ રોડ, કસ્બા પાસે, વડાલી, જી.સાબરકાંઠા

**<u>ગુન્હો :– પ્રોહી. એકટની કલમ–૬૫(એ,એ), ૮૧, ૯૮ મુજબ.</u>**

----------------------------------------

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એ.શાહ.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.બી.વાઘેલા.

----------------------------------------

**<u>:– ઠરાવ :–</u>**

**૧.** આરોપી સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ પોતાના અંગ કબજાની હીરો કંપનીની સ્કુટી ડેસ્ટીની પ્રાઇમ કાળા કલરની નંબર પ્લેટ વગરની જેનો એન્જીન

નં.JF17EYSGG03822 તથા ચેસીસ નં.MBLJFN430SGG03869 ની ઉપર જેની પ્લા.ની થેલીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ ઓરેન્જ હીલ વોડકા ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૪૮, જેની કુલ કિંમત રૂા.૪,૪૬૪/- નો તથા મોપેડની કિંમત રૂા.૬૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂા.૬૪,૪૬૪/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ-૬૫(એ,એ), ૮૧, ૯૮ મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સંબંધી ચર્ચા કરતાં પૂર્વે એ નોંધવું જરૂરી છે કે, હાલનો કેસ ગુજરાત સરકારી ધ્વારા પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઇઓ તેમજ સજા સંબંધી જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ હતો. જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૮૮૯૨/૨૦૧૮, તા.૫/૫/૨૦૧૮ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા તથા તે ચુકાદા સાથે નામદાર ગુજરાત વડી અદાલતના પરીપત્ર ક્રમાંક નં.૯૨૦૦/૨૦૧૮, ઓફીસ ઓર્ડર નં. ૭૫૮/૨૦૧૮ અન્વયે પ્રોહીબીશન એકટમાં થયેલ સુધારા બાદ પણ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના પણ કેસો ચલાવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

**૨.** આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ તથા

આંક–૬ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં આરોપીઓએ ગુનાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે:

| | | |
|---|---|---|
| **ફરીયાદ પક્ષે મૌખિક પુરાવાઓ :–** | | |
| ૧. | પંચ સાહેદ રાજેશભાઇ લાડુભાઇ વણઝારાની જુબાની | આંક–૮ |
| ૨. | પંચ સાહેદ પારસકુમાર ધનજીભાઇ સુથારની જુબાની | આંક–૧૦ |
| ૩. | ફરીયાદી પો.કો. દિલીપકુમાર રણછોડભાઇની જુબાની | આંક–૧૧ |
| **ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–** | | |
| ૧. | મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામું | આંક–૯ |
| ૨. | અસલ ફરીયાદ | આંક–૧૨ |

ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

**૪.** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના આરોપીએ તેઓની સામેના પુરાવાનો ઇન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઇ સાહેદ તપાસેલ નથી તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઇ ગુન્હો કરેલ નથી. તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ પોતાના અંગ કબજાની હીરો કંપનીની સ્કુટી ડેસ્ટીની પ્રાઇમ કાળા કલરની નંબર પ્લેટ વગરની જેનો એન્જીન નં.JF17EYSGG03822 તથા ચેસીસ નં.MBLJFN430SGG03869 ની ઉપર જેની પ્લા.ની થેલીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ ઑરેન્જ હીલ વોડકા ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૪૮, જેની કુલ કિંમત રૂા.૪,૪૬૪/– નો તથા મોપેડની કિંમત રૂા.૬૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૬૪,૪૬૪/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ–૬૫(એ,એ), ૮૧, ૯૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧:</u>**

**૭.** સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૧૧ થી ફરીયાદી પો.કો. દિલીપકુમાર રણછોડભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આ કામના આરોપીએ પોતાના મોપેડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ–

૪૮, જેની કુલ કિંમત રૂા.૪,૪૬૪/- નો પ્રોહી. મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી હાજર નહી મળી આવી તપાસ દરમ્યાન મળી આવી પકડાઇ જઇ ગુન્હો કરેલ હોવાનું જણાવી ફરીયાદને અનરૂપ પુરાવો આપે છે તથા ફરીયાદમાં ફરીયાદીએ તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમજ ફરીયાદીએ ફરીયાદ આપતાં પી.એસ.ઓ.એ ગુન્હો નોંધી આગળની તપાસ ત.ક.અમલદારને સોપતાં તેઓએ તપાસ સંભાળી લઈ, આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઇ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ મુદ્દામાલ આરોપીના સ્વતંત્ર કબજામથી મળી આવેલ નથી તેમજ રેઇડવાળી જગ્યા કોની માલિકીની તે બાબતે તેઓએ કોઇ આધાર પુરાવો મેળવેલ નથી કે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૮ થી પંચ સાહેદ રાજેશભાઇ લાડુભાઇ વણઝારાને તથા આંક-૧૦ થી પંચ સાહેદ પારસકુમાર ધનજીભાઇ સુથારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ આંક-૯ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી. એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ પંચની હાજરીમાં પંચનામું કરી પ્રોહી. મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચ જયારે ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ જ પુરાવો રજુ રાખતા નથી.

આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષ દ્વારા આરોપી ઉપર પ્રોહી. એકટની કલમ હેઠળ તહોમત મૂકવામાં આવેલ છે અને તેમના દ્વારા રજુ કરવામાં આવેલ પંચનામાંના પંચ તેમના પુરાવામાં પંચનામાંની વિગતોને સમર્થન આપતા નથી. ત્યારે, પંચનામાંની કાર્યવાહી શંકાસ્પદ બની જાય છે. જેથી આરોપીએ આક્ષેપીત ગુનો કર્યો હોવાનું પુરવાર થઇ શકતુ નથી. વધુમાં, **State vs Raijibhai Chaturbhai Solanki (AIR 1969 Guj 24)** ના કેસમાં નામદાર કોર્ટ દ્વારા જે સિધ્ધાંતોની ચર્ચા કરવામાં આવેલ છે, તે હાલના કેસમાં સંપુર્ણપણે લાગુ પડે છે, જે નીચે મુજબ છે :–

"(6) .......................The real principle is that where the presence of the Panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the police Officer who conducted the search. The real question is whether there is corroboration or not. The absence of corroboration may be due to two factors, the failure of the police to keep panchas or the fact that panchas do not support the prosecution. Whatever be the reason, if there is no corroboration then ordinarily conviction should not rest on the uncorroborated testimony of the police officer conducting the search in such cases.

XXXX XXXX XXXX

(8).....The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the

> evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search...."

આમ, જયારે આ કામે પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી તેમજ આ કામે પોલીસ સાહેદોનો જો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પણ એકમાત્ર પોલીસ અધિકારીનાં પુરાવાનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ બાબતે શંકા ઉદ્દભવે છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

**૧.** આ કામના આરોપીઓ (૧) દલપતભાઈ ગેમરભાઈ રબારી, રહે.ઉમીયાનગર સોસાયટી, ઉંડવા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા, (૨) બિજલરામ મહાદેવરામ રબારી, રહે.ધરોઈ રોડ, કસ્બા પાસે, વડાલી, જી.સાબરકાંઠા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ,એ), ૮૧, ૯૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

**૨.** સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ ના કરેલ હોય તો માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આ કામના આરોપીએ આ કામે અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ–ખેડબ્રહ્મા

**(કે.જે. રાઠોડ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ખેડબ્રહ્મા.
**JUDGE CODE NO.GJ00875**

//A.B.K.//